R.C.S.NO.55/14.

**રે.દિ.મુ.નં.૫૫/૧૪.**

**આંક–૫ નીચે હુકમ**

વાદીના વિ.વ.શ્રી પી.જી.રાવલીયા.પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી એચ.એ.જરીવાલા. પ્રતિવાદી નં. ૩ થી ૭ ના વિ.વ.શ્રી સુકેતુ સી.પટેલ. પ્રતિવાદી નં. ૬ ના વિ.વ.શ્રી એસ.સી.પટેલ. પ્રતિવાદી નં. ૮ ના વિ.વ.શ્રી વી.ડી.નાયક તથા પ્રતિવાદી નં.૯ ના વિ.વ.શ્રી જી.એમ.પટેલ.

૧. વાદીએ સદર દાવો સાટાખતના વિશેષ અમલ માટે , દસ્તાવેજ રદ કરાવવા માટે, હકક સ્થાપન માટે તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કર્યો છે. વાદીએ સદર કામચલાઉ અરજી કરીને, તકરારી જમીન નવસારી ડિસ્ટ્રીકટના જલાલપોર તાલુકાના મોજે ગામ પરુજણના સર્વે નં. ૨૬૧ , બ્લોક નં. ૨૪૦ અન્વયે નોંધાયેલી ખેતીની જુની શરત જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.૨–૭૪–૭૦ ચો.મી. ચાલી આવેલ છે તે પૈકી પ્રતિવાદી નં.૧ થી ૭ ના હીસ્સાની કુલ જમીન જેનું ક્ષેત્રફળ હે.૨–૫૯–૭૦ ચો.મી. જેટલું થાય છે અને જે વાદીના કબજા ભોગવટામાં છે તે (તકરારી) જમીનમાં પ્રતિવાદીઓ કોઈપણ જાતના લખાણ કરી સદર તકરારી જમીન કોઈપણ ઈસમને કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેમજ સદર જમીનમાં ત્રાહીત વ્યકિતના હીત કે અધિકાર ઉત્પન્ન થાય તેવા કૃત્યો કરે કરાવે નહી, વાદીના હકકને નુકશાન

થાય તેવા કૃત્યો કરે કરાવે નહી તેમજ પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો કે કર્મચારી વગેરે મારફતે સદર તકરારી જમીનના વાદીના કબજા ભોગવટામાંથી કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વિના વાદીને દૂર કરે કરાવે નહી , કોઈપણ જાતના અંતરાય કરે કરાવે નહી તેમજ પ્રતિવાદીઓ તકરારી જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧ થી ૭ તથા પ્રતિવાદી નં. ૯ વિરુધ્ધ દાવાનો નિકાલ થતા સુધી મેળવવા વિનંતી કરી છે.

વધુમાં વાદીએ સદર અરજીનો ખર્ચ પ્રતિવાદીઓ નં.૧ થી ૭ તથા પ્રતિવાદી નં.૯ પાસેથી મેળવવા વિનંતી કરી છે.આ અરજીના સમર્થનમાં વાદીએ દસ્તાવેજો તથા સોંગદનામું રજુ કરેલ છે. અત્રેની અદાલત આંક–૫ ની અરજીનો નિર્ણય કરતી હોઈ, સદર અરજીની વિગતો રીપીટ કરવામાં આવતી નથી.

૨. તા.૩૧.૭. ૨૦૧૪ ના રોજ મારા પુરોગામી વિધ્વાન સીવીલ જજશ્રી, નવસારીનાઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ અરજન્ટ શો–કોઝ નોટીશ કાઢવાનો હુકમ કરેલ.

૩. પ્રતિવાદીઓને સમન્સ/નોટીસની યોગ્ય બજવણી થતાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તેમનો લેખીત જવાબ આ કામે આંક–૪૪ થી રજુ કરેલ

છે, જેમાં તેઓએ વાદીના દાવા તથા મનાઈ અરજીની તમામ વિગતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીની વિગતો ખરી ન હોય, વાદીનો દાવો કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય, વાદીએ મહત્ત્વની હકીકતો છુપાવેલ હોય, વાદી નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય, વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય, વાદીને તેઓ વિરુધ્ધ સદર દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોય, વાદીએ તેમના દાવામાં અપુરતી કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ હોય, વાદીએ પ્રતિવાદી નં.૩ થી ૭ ના એકબીજાના મેળાપીપણામાં સદર દાવો કરેલ હોય, તકરારી જમીનનો કબજો, ભોગવટો વાદીનો ન હોય, વાદી તકરારી જમીન તેઓની પાસેથી પચાવી પાડવા માંગતા હોય, વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોય, જો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો; વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ ન હોય તેમજ વાદીના દાવા તથા મનાઈ અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર ન હોય, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા વિનંતી કરી છે.

૪. પ્રતિવાદી નં. ૩ થી ૭ નાએ તેમનો લેખીત જવાબ આંક–૫૦/એ રજુ કર્યો છે. જેમાં તેઓએ વાદીની દાવા તથા મનાઈ અરજીની તમામ

વિગતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય, વાદીએ સદર દાવો શુધ્ધબુધ્ધિપૂર્વક કરેલ ન હોય તેમજ તકરારી જમીન સને ૧૯૫૬ ના અરસામાં મર્હુમ કરીમભાઈ નાનાભાઈએ વેચાણ રાખેલ તેમજ તેની એન્ટ્રી તા.૧૪.૯.૧૯૫૬ ના રોજ રેવન્યુ રેકર્ડમાં થયેલ હોય, વાદીએ દાવા તથા મનાઈ અરજીમાં મહત્ત્વની હકીકતો છુપાવેલ હોય, વાદી નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય, વાદીના દાવાને કોર્ટ ફી સ્ટેમ્પનો બાધ નડતો હોય, વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોય, જો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો ; વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ ન હોય તેમજ વાદી દાવા તથા મનાઈ અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર ન હોય, વાદીનો દાવો તથા મનાઈ અરજીરદ થવાને પાત્ર છે.

૫. પ્રતિવાદી નં. ૮ નાઓએ તેમનો લેખીત જવાબ આંક–૬૦ થી રજુ કરેલ છે, જેમાં તેમણે વાદીના દાવા તથા મનાઈ અરજીની તમામ વિગતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય, વાદીને સદર દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોય, વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય, તકરારી જમીનનો કબજો ભોગવટો વાદીનો ન હોય, વાદીએ તેમના દાવામાં

અપૂરતો કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ હોય, વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોય, જો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો ; વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ ન હોય તેમજ વાદી દાવા તથા મનાઈ અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર ન હોય, વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરી છે.

૬. પ્રતિવાદી નં. ૯ નાઓએ તેમનો લેખીત જવાબ આંક–૫૬ થી રજુ કર્યો છે, જેમાં તેમણે વાદીના દાવા તથા મનાઈ અરજીની તમામ વિગતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય, વાદીને સદર દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોય, વાદીના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોય, તકરારી મિલ્કત વાદીના કબજા ભોગવટામાં ન હોય, તકરારી જમીન અંગે પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ વાદી સાથે કોઈ સાટાખત કરેલ ન હોય, વાદીએ સદર દાવો તકરારી જમીન પ્રતિવાદીઓ પાસેથી પડાવી લેવાના બદઈરાદાથી કરેલ હોય, વાદી તકરારી જમીનમાં ખેતી કરતા ન હોય, વાદીના દાવાને કોર્ટ ફી સ્ટેમ્પનો બાધ નડતો હોય, વાદીએ તેમના દાવામાં મહત્ત્વની હકીકતો છુપાવેલ હોય, વાદી નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય, વાદીનો દાવો

સ્પેશીફીક રીલીફ એકટ મુજબનો ન હોય, વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોય, જો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો ; વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ ન હોય તેમજ વાદી દાવા તથા મનાઈ અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર ન હોય, તેમણે ( પ્રતિવાદી નં. ૯ ) વાદીના દાવો તથા મનાઈ અરજી રદ કરવા વિનંતી કરી, સ્પેશીયલ વળતર મેળવવા વિનંતી કરી છે.

પ્રતિવાદી નં. ૯ નાઓએ તેમના જવાબમાં વધુમાં જણાવેલ છે કે, તેઓએ રૂા.૩૦,૪૦,૧૦૦/– નો અવેજ ચુકવી તકરારી મિલ્કત પ્રતિવાદી નં. ૧ થી ૮ નાઓ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે અને તેથી પણ વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરી છે.

૭. સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) જો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો; શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૮. ઉપરોકત મુદૃા અંગેના નિર્ણયો કારણોસહીત નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારાત્મક.

(૨) અંશતઃ હકારાત્મક.

(૩) અંશતઃ હકારાત્મક.

(૪) આખરી હુકમ મુજબ.

**કારણો**

વાદીના વિ.વ.શ્રીની લેખિત દલીલો ( આંક–૬૮) વંચાણે લીધી.પ્રતિવાદી નં.૩ થી ૮ ના વિ.વ.શ્રીઓને સાંભળ્યાં.

પ્રતિવાદી નં.૧–૨ અને ૯ ના વિ.વ.શ્રીઓનો વારંવાર પોકાર કરવા છતાં હાજર નથી.

૯. **મુદૃા નંબર : ૧ થી ૩ :–**

આ કામે રજુ થયેલ માર્ક ૩/૧૩ ના દસ્તાવેજ જોતાં એવું સ્પષ્ટપણે ફલિત થાય છે કે, તકરારી જમીન, નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે પરુજણ ગામે આવેલ ખેતીની જમીન કે જેનો બ્લોક નં. ૨૪૦, કુલ ક્ષેત્રફળ હે.૨–૭૪–૭૦ ચો.મી. પૈકી હે.૨–૫૯–૭૦ ચો.મી.વાળી જમીન અંગે પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓએ વાદીને તા.૧૮.૦૩.૨૦૦૫ ના

રોજ સાટાખત કરી આપેલ. વધુમાં આ કામે રજુ થયેલ માર્ક ૩/૧૫ નો દસ્તાવેજ કે જે કબજા રસીદ છે તે જોતાં એવું સ્પષ્ટપણે ફલિત થાય છે કે,પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ સદર તકરારી જમીનનો કબજો વાદીને તા.૧૮.૩.૨૦૦૫ ના રોજ સુપ્રત કરેલ છે. વધુમાં વાદી સદર તકરારી જમીનનું મહેસુલ ભરે છે તે દર્શાવવા આ કામે માર્ક ૩/૨૩ થી માર્ક ૩/૩૪ સુધીની મહેસુલ ભર્યા અંગેની પહોંચો રજુ કરેલ છે.

આંક–૬૫ થી વાદીએ પ્રતિવાદી નં.૩ થી ૭ નાઓ સામેની મનાઈ અરજી પરત ખેંચી લીધેલ હોવા અંગેની પુરસીસ રજુ કરી છે. આ સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય અંશતઃ હકારાત્મક ઠરાવવામાં આવે છે.

૧૦. વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલ, પ્રતિવાદી નં.૩ થી ૮ ના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો તથા મુદ્દા નં.૧ થી ૩ ના નિર્ણયોને આધિન અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબનો હુકમ ફરમાવવમાં આવે છે.

## હુકમ

- વાદીની સદર કામચલાઉ મનાઈ અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

- વધુમાં પ્રતિવાદી નં.૧–૨ તથા ૯ ઓને એવો હુકમ કરવામાં આવે છે કે,તકરારી જમીન, નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના

R.C.S.NO.55/14.

મોજે પરુજણ ગામે આવેલ ખેતીની જમીન કે જેનો બ્લોક નં. ૨૪૦, ક્ષેત્રફળ હે.૨–૭૪–૭૦ ચો.મી. પૈકી હે.૨–૫૯–૭૦ ચો.મી.વાળી જમીન કોઈને કોઈપણ રીતે ટ્રાન્સફર કરવી કરાવવી નહી તેમજ વાદીના કબજામાં કોઈ અવરોધ, અંતરાય કરવા કરાવવા નહી તેમજ કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના તેઓએ વાદીને સદર તકરારી જમીનના કબજા ભોગવટામાંથી દુર કરવા કરાવવા નહી

- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ : ૨૯ મી જુલાઈ સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી , સંભળાવી જાહેર કર્યો.

નવસારી.
તા.૨૯.૦૭.૨૦૧૬

(કુ.પી.વી.પંડયા)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ
નવસારી.
જી.જે.૦૦૩૫૮